**કોલેજ ઓફ ફોરેસ્ટ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારીને સ્વતંત્ર યુનિટ જાહેર કરવા બાબત.**

વંચાણમાં:- (૧) નામ.સરકારશ્રીના કૃષિ ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ ગાંધીનગરના તા.૨૮.૮.૨૦૦૯ ઠરાવ ક્રમાંક નકવ-૧૨૨૦૦૯-૪૧૫૨-ક.૨.

(૨) આચાર્યશ્રી, અસ્પી બાગાયત-વ-વનીય મહાવિદ્યાલય, ન.કૃ.યુ. , નવસારીના તા.30.3.૨૦૧૭ ના પત્ર ક્રમાંક જા.ન.અબાવકોન/પી.એ./૮૫૦૪-૦૫/૨૦૧૭

(૩) આચાર્યશ્રી, અસ્પી બાગાયત-વ-વનીય મહાવિદ્યાલય, ન.કૃ.યુ. , નવસારીના તા.૪.૯.૨૦૧૭ ના પત્ર ક્રમાંક જા.ન.અબાવકોન/પી.એ./૨૧૫૭૯-૮૧/૨૦૧૭

(૪) આચાર્યશ્રી, અસ્પી બાગાયત-વ-વનીય મહાવિદ્યાલય, ન.કૃ.યુ. , નવસારીના તા.૧૬.૧૨.૨૦૧૭ ના પત્ર ક્રમાંક જા.ન.અબાવકોન/પી.એ./૨૮૨૭૦/૨૦૧૭

(૫) નામ.સરકારશ્રીના કૃષિ ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ ગાંધીનગરના તા.૧૩.૭.૨૦૨૧ ઠરાવ ક્રમાંક નકવ-૧૨૨૦૨૦-૨૨૮૩-ક.૨.

## ◈ કાર્યાલય આદેશ ◈

નવસારી કૃષિ યુનિવર્સિટીના તાબા હેઠળની કોલેજ ઓફ ફોરેસ્ટ્રી વંચાણમાં લીધા ક્રમ-૧ના ઠરાવથી મહેકમ સહિત નવી કોલેજ મંજુર થયેલ હતી જે અસ્પી બાગાયત-વ-વનીય મહાવિદ્યાલય,ન.કૃ.યુ. નવસારીના નિયંત્રણ હેઠળ કાર્યરત હતી.જેના વહીવટી,હિસાબી શૈક્ષણિક, તાંત્રિક તમામ સંચાલન આચાર્યશ્રી,અસ્પી બાગાયત-વ-વનીય મહાવિદ્યાલય,ન.કૃ.યુ નવસારી ખાતેથી કાર્યરત હતુ.

અત્રેથી બીજો આદેશ ન થાય ત્યાં સુધી અસ્પી બાગાયત-વ-વનીય મહાવિદ્યાલય,ન.કૃ.યુ. નવસારીના નિયંત્રણ હેઠળના કોલેજ ઓફ ફોરેસ્ટ્રી,નવસારી કૃષિ યુનિવર્સિટી,નવસારીને તેમની યોજનાઓમાં મંજુર થયેલ શૈક્ષણિક/બિન શૈક્ષણિક મહેકમ, વિકાસ ખર્ચ (પ્લાન),/સ્થાયી ખર્ચ,(નોન પ્લાન) આઈ.સી.એ.આર.,અધર એજન્સી, રીવોલ્વીંગ ફંડ, સહિતની તમામ યોજનાઓ સહીત વંચાણમાં લીધા ક્રમ-૨ થી ૪ના પત્રોને ધ્યાને લઈ કોલેજ ઓફ ફોરેસ્ટ્રી,ન.કૃ.યુ. નવસારીને અસ્પી બાગાયત-વ-વનીય મહાવિદ્યાલયના નિયંત્રણમાંથી મુકત કરી કોલેજ ઓફ ફોરેસ્ટ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારીને સ્વતંત્ર કોલેજ (સ્વતંત્ર યુનિટ) તરીકે જાહેર કરવાના આદેશ કરવામાં આવે છે.

કોલેજ ઓફ ફોરેસ્ટ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી ખાતે ચાલતી યોજનાઓમાં મંજુર થયેલ સ્ટાફ સહિત તમામ શૈક્ષણિક, વહીવટી, હિસાબી,તાંત્રિક તમામ કામગીરી આચાર્યશ્રી, કોલેજ ઓફ ફોરેસ્ટ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી નવસારીના નિયંત્રણ હેઠળ સ્વતંત્ર રીતે કરવાની રહેશે.

કોલેજ ઓફ ફોરેસ્ટ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી ખાતે **આચાર્ય** તરીકે ફરજ બજાવતા **ડો.પી.કે. શ્રીવાસ્તવ** ને ગુજરાત રાજય કૃષિ યુનિવર્સિટીઓ કોમન સ્ટેચ્યુટ સ્ટેચ્યુટ એસ. ૧૫.૧ અને એસ.૧૫.૨ની જોગવાઈઓ તેમજ ડેલીગેશન ઓફ પાવર્સ સ્ટેચ્યુટ એસ.૧૨૧ ની આઈટમ નં.(3) (i) મુજબ સત્તાની રૂએ **હેડ ઓફ યુનિટ** જાહેર કરવામાં આવે છે.

કોલેજ ઓફ ફોરેસ્ટ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી ખાતેના નાંણાકીય હિસાબી કામગીરીના સંચાલન માટે મદદનીશ પ્રાધ્યાપક તરીકે ફરજ બજાવતા **ડો.સંદિપ મુકન્દલાલ પટેલ**ને ગુજરાત રાજય કૃષિ યુનિવર્સિટીઓ ડેલીગેશન ઓફ પાવર્સ સ્ટેચ્યુટ એસ.૧૨૧ની આઈટમ નં. ૫૯ મુજબ સત્તાની રૂએ **ઉપાડ અને ચૂકવણા અધિકારી તરીકે નિયુકત કરવામાં આવે છે.**

**પ્રસ્તુત આદેશ** આ શાખાની નોધ ફાઈલ ઉપર માન.કુલપતિશ્રીની મંજુરી મેળવીને યુનિવર્સિટીના કામકાજના હિતમાં કરવામાં આવે છે જેનો અમલ **તા.૧.૬.૨૦૨૨**ની અસરથી બિન ચૂક કરવાનો રહેશે.

જા.નં. નકૃયુ/રજી./એડીએમ.૧.૧/૪303-**૫૨**/૨૦૨૨
નવસારી તા. ૧૦.૫.૨૦૨૨

**કુલસચિવ**
**નવસારી કૃષિ યુનિવર્સિટી**
**નવસારી**

D:\BDGohil711\Order DDO\Order D.D.O.doc

**નકલ સવિનય રવાના:-**

૧. આચાર્યશ્રી, અસ્પી બાગાયત-વ-વનીય મહાવિદ્યાલય, ન.કૃ.યુ. નવસારી તરફ જાણ તથા

૨/- આ સાથે કોલેજ ઓફ ફોરેસ્ટ્રી,ન.કૃ.યુ. નવસારીના વિકાસ ખર્ચ (પ્લાન),/સ્થાયી ખર્ચ,(નોન પ્લાન)આઈ.સી. એ.આર.,અધર એજન્સી, રીવોલ્વીંગ ફંડ, સહિતની તમામ યોજનાઓ સહીત વહીવટી, હિસાબી, શૈક્ષણિક બાબતોને લગતી એકેડેમીક/ પરીક્ષાને લગતી ફાઈલો, રજીસ્ટ્રરો, તાંત્રિક કામગીરીને સંલગ્ન તમામ રેકર્ડ, સેવાપોથીઓ, સ્ટાક અને સ્ટોર રજીસ્ટ્રરો/લોગબુક/ડેડસ્ટોક/કંઝયુમેબલ રજીસ્ટ્રરો/લેબોરેટરી ઈકવીપ્મેન્ટ/ફાર્મ મશીનરી/ડેડસ્ટોક સાધનો તથા અન્ય તમામ ચીજ વસ્તુઓ તથા યોજનાઓના મંજુર થયેલ મહેકમના કર્મચારીઓ સહિત, તેમજ એસ.આર.એફ, જે.આર.એફ, આર. એ.,સ્કીલ્ડ/અનસ્કીલ્ડ રોજમદારો સહિત **આચાર્યશ્રી, કોલેજ ઓફ ફોરેસ્ટ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારીની કચેરીને તબદિલ કરી અત્રે જાણ કરવાની રહેશે**.

૨ આચાર્યશ્રી, કોલેજ ઓફ ફોરેસ્ટ્રી, ન.કૃ.યુ. નવસારી તરફ જાણ તથા

૨/- આ સાથે ક્રમ-૧માં જણાવ્યા મુજબનો સંપૂર્ણ હવાલો મેળવી અત્રે જાણ કરવાની રહેશે.

૩ યુનિવર્સિટીના તમામ યુનિવર્સિટી ઓફિસરશ્રીઓ તરફ જાણ સારુ..

૪ યુનિવર્સિટીના તમામ યુનિટ/સબ યુનિટ ઓફિસરશ્રીઓ તરફ જાણ સારુ..

૫ યુનિવર્સિટીના તમામ કોલેજ/પોલીટેકનીકના આચાર્યશ્રીઓ/ડીનશ્રીઓ તરફ જાણ સારુ..

૬ **સંશોધન નિયામકશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી** તરફ જાણ તથા આચાર્યશ્રી, કોલેજ ઓફ ફોરેસ્ટ્રી, ન.કૃ.યુ. નવસારીના વિકાસ ખર્ચ (પ્લાન), આઈ.સી. એ.આર.,અધર એજન્સી, કચેરીની ગ્રાંન્ટ **આચાર્યશ્રી, કોલેજ ઓફ ફોરેસ્ટ્રી, ન.કૃ.યુ. નવસારી** હવાલે મુકવાની રહેશે.

૭ વહીવટી-વ-હિસાબી અધિકારીશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી નવસારી

૮ **હિસાબ નિયામકશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી** તરફ જાણ તથા આચાર્યશ્રી, કોલેજ ઓફ ફોરેસ્ટ્રી, ન.કૃ.યુ. નવસારીના વિકાસ ખર્ચ (પ્લાન),/સ્થાયી ખર્ચ,(નોન પ્લાન)આઈ.સી. એ.આર.,અધર એજન્સી, કચેરીની ગ્રાંન્ટ **આચાર્યશ્રી, કોલેજ ઓફ ફોરેસ્ટ્રી, ન.કૃ.યુ. નવસારી** હવાલે મુકવાની રહેશે.

**નકલ રવાના:-**

૧ માન.કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી,નવસારી કૃષિ યુનિવર્સિટી નવસારી તરફ જાણ સારુ

૨ અત્રેની કચેરીની તમામ શાખાઓ તરફ જાણ સારુ... (એકેડેમીક/પરીક્ષાશાખા સહિત)

૩ ડૉ. પી.કે. શ્રીવાસ્તવ, આચાર્યશ્રી કોલેજ ઓફ ફોરેસ્ટ્રી, ન.કૃ.યુ. નવસારી

૪ ડૉ. સંદિપ મુકુન્દલાલ પટેલ, મદદનીશ પ્રાધ્યાપક, કોલેજ ઓફ ફોરેસ્ટ્રી, ન.કૃ.યુ. નવસારી

D:\BDGohil711\Order DDO\Order D.D.O.doc